અર્જુનગીતા

અને

ધર્મગીતા.

છપાવી પ્રસિદ્ધ કરી,

શા. [illegible] ળદાસ લલ્લુભાઇ નારણદાસ બુકસેલર
ચામડાચોક—સુરત.

સુરત—બુરાનપુરી ભાગળ ઉપર, આવેલા શ્રી "અનાવિલ"
પ્રિન્ટીંગ પ્રેસમાં ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયકે છાપ્યું.

આવૃત્તિ ૧ લી. પ્રત ૩૦૦૦

સંવત ૧૯૭૯. સને ૧૯૨૩.

કીંમત ૦-૨-૦

શ્રી ગણેશાય નમઃ

અર્જુન ગીતા.

અરજુન ગીતાનો અર્થ એ છે અરજુન તે પાંચે પાંડવ માંહેનો એક ભાઈ હતો, તેને શ્રી ભગવાન સંગાથે સગાઈ તથા મીત્રાચારી હતી. પછી અરજુન એક દીવસે લડાઈ ઉપર ચઢયો ત્યારે શ્રી ભગવાને કહયું કે ગીતા એટલે જે ધર્મનો મારગ જેથી સુજ પડે તેનો સાર કહી સંભળાવો ત્યારે શ્રી ભગવાને અરજુનને ગીતા કરી રચી ને તેની ગુજરાતી ભાષામાં કવિતા, દોહરા ચોપાઈ કહેલી છે તે લોકોને વાંચવા સારૂ લખી છાપી છે.

શ્રી ગણેશાય નમઃ શ્રી ગુરૂભ્યો નમઃ શ્રી ગુરૂ પ્રતાપે ગાઈએ, કિરપા તે સાધુ જન. પરિબ્રહ્મ મારો આત્મા, મારૂ મન તે અરજુન; અરજુન સુણો ગીતા સાર પાંડવ આતમો નીરધાર ૧ અરજુને એમ જ પુછયું. સાંભળો વૈકુંઠરાય; [illegible] સાર ગીતા કહો અને [illegible] [illegible] મહીમાય.

અરજુન ૨ ત્યારે શ્રીહરી એમ બોલીયા અરજુન ધરજો મન; એ સાર ગીતા સાંભળ, અવતાર તેનો ધન્ય. અરજુન. ૩ ચૌદ લોક તે વશ મારે બ્રહ્માંડ કેરો ભાર; તે ધન્ય મારા દાસને, રાખે ઉદય મોઝાર અરજુન. ૪ જળ મધ્યે જે પદમ છે. તેને સ્પર્શે નહી લગાર; ચીન્હ મારા ભક્તનાં, વળશે ન વિષય વિકાર અરજુન. ૫ સંસારમાં સરસો રહે ને મન મારી પાસ સંસારમાં લોપાય નહી તે જાણુ મારો દાસ. અરજુન. ૬ મુજ ભકત તે મુજને ભજે, હૈયે હોય હેત હમેશ; તો ભકત તેને જાણીએ જે કરે ન કોઇને દ્વેશ અરજુન. ૭ કરમાંહી તુલસી કરણુ તુલશી, કંઠ તુલશી હાર બહુ તીલક છાપા શોભતાં, મુજ ભકતનો એ શણગાર અરજુન. ૮ મારાં સાધુને જાણે નહી. પાખંડ પુજે લોક; જે દંડ આડંબર કરે, તે જાણું સરવે ફોક અરજુન. ૯ ઉતમ વરણ થઇ નહી ભજે, ચંડાળ કહીએ તેહ ચંડાળ થઈ મુજને ભજે તે જાણુ મારો દેહ અરજુન. ૧૦ મુજ ભકત કેરે કારણે, અવતાર લીધા દશ, હું નીરંજનને નીર કૃતી. અને ભકતે કીધો વશ. અરજુન. ૧૧ વળી દેવ

કેરે કારણે હું ગયો વશમે વન; રાવણ મારી રાજ આપ્યું વીભીષણ રાજન. અરજુન. ૧૨ દુરવાશા રૂષિએ હું દુભિયો મુજ આત્મા અમરીખ; ભય ચક્ર મેહેલી છેદીયો મેં ભલી લગાડી શીખ. અરજુન. ૧૩ બળીરાય મેં બાંધીઓ, દેવોની કીધી સાર, પીતળ આપ્યું રાયને ત્યાં હું રહ્યો છડીદાર અરજુન. ૧૪ ગોકુળ વિશે હું અવતર્યો શીર પીંછ ધરતો મોર; ખાતા હું માખણ તસ્કરી જશ કહેવાયો ચોર અરજુન. ૧૫ મા જશોદાજીએ બાંધીઓ. હું જોડી રહ્યો હાથ; આધીન થયો તે દાસનો, ચૌદે ભોવનનો નાથ. અરજુન. ૧૬ વળી ઈંદ્ર જ્યારે કોપીઓ, ત્યારે કોઈ ન આવ્યું આડ; ગોકુળ રાખ્યું રેલતું, ગોપી લડાવ્યા લાડ. અરજુન. ૧૭ સોળશે સ્રીઓનાં હું રમ્યો, મારો કોઈ ન જાણે ભેદ; મારા ભક્ત કેરે કારણે, મને કહે લપટ વેદ, અરજુન ૧૮ વીસીચી વાછરૂ હરી ગયો, તે ફરી ગયો બ્રહ્મ; હું નવા નિવાશી લાવીયો મારો કોઈ ન જાણે મર્મ અરજુન. ૨૦ વળી પ્રથમ પોળે પેશતાં પરીયટે દીધી આળ મેં મારીને વસ્ત્ર લીધાં, સોહાવીઆ ગોવાળ. અરજુન. ૨૧ વળી ત્યાં આગળ ચાલતાં માલણ લાવી હાર; મેં અર્થ શાચો વહનો

આપ્યાં પદારથ ચાર. અરજુન. ૨૨ વળી માર ગમનાપીક મળ્યો તે આપ્યું દર્પણ હાથ; પુરયાં મનોરથ તે તણા, મેં રાખ્યા મારે સાથ, અરજુન. ૨૩ સંબંધી જનને જે હણે ચંડાળનો અંશ મારા ભક્ત કેરે કારણે મેં મારયો મામો કંશ અરજુન. ૨૪ મેં સુધનવા સંતોખીઓ, કાગના કારણ કાજ; સંપતી આપી તેહને નવનીધી સુદ્ધાં રાજ. અરજુન. ૨૫ એકવાર વિદુર ઘેર જઈ અભાજીપાન; મેં લાડ પાળ્યા દાસનાં રાજાના મોડયાં માન. અરજુન. ૨૬ કૌરવનું કુળ સંહારીયું મેં સાચો તારો અર્થ હું ચઉદ ભુવનનો રાજીઓ મેં હાંકયો તારો રથ અરજુન. ૨૭ એક વાર વનમાં હું ગયો ત્યાં વન હતું ઘનઘોર, મેં ભાવ જોયો ભીલડીનો; ખાધાં એઠાં બોર. અરજુન. ૨૮ એમ ઘણા મળી ગોવાળીયા, રમતા ગયા મહાવન; બહુ ભાવ જોઈ રૂષિ નારનો અમે જાચી લીધાં અન્ન અરજુન. ૨૭ પ્રહ્‌લાદ પીતુંએ ચરભગ્યો મેં થંભ પૂયોવાસ તે દુષ્ટને વીદારીને ઉગારી લીધો દાસ અરજુન. ૩૦ વળી ધરૂવને દુઃખ પમાડીઓ; ને કહાડીઓ વનવાસ, તે બાળકે મને વશ કરયો ધન્ય ધન્ય મારો દાસ અરજુન. ૩૧ ચંદ્રહાસને. હરીચંદ્ર રાજા ભક્ત મારા તેહ

પડે વીપત પણ નહી વીસરે, મારા મુગટના મણી એહ
અરજુન. ૩૨ જ્યારે સુધનવાને નાંખ્યો તાતે તેલ બળતી
ઝાળ; મારા દાસને ઉગારીઓ, સાંભળતાં તતકાળ અરજુન ૩૩
ધરૂપદીના પટકુસ કાઢીયાં હું પાસ નહી તે કાળ દાસને
વેલા પડી ત્યારે તુર્ત કરી સંભાળ અરજુન. ૩૪ પંચાળીને
જ્યાં પરભવી પાસે હુતા પંચ વીર મારા દાસને મેં પુરીયાં
નવશે નવાણું ચીર અરજુન. ૩૫ એક કોળીએ કઉતક કીધું,
ને લીધું મારૂ રૂપ રાજાની કન્યા પરભવી, પરદલ કોપ્યો
ભુપ અરજુન. ૩૫ મેં ત્યાં જઈને શું કરયું, મારૂ તેજ
મુકયું માંય પરદલનો પરાજય કરયો મારૂ બીદ પાળ્યું
ત્યાંય, અરજુન. ૩૭ અજામેળ તે મહાપાતકી મારીક
ગુણકા જેહ જો સ્મરણ કરતાં માહરૂ, વૈકુંઠ પાપી તેહ,
અરજુન. ૩૮ ગજગજને ગ્રાહે ગ્રહો ત્યાં લીધું મારૂ નામઃ
ત્યાં એક કરતાં બેઉનાં અરજુન સીધ્યાં કામ અરજુન. ૩૯
હું ભા ને મારા ભગતમાં અંતર ન હોય લગાર મુજ
ભક્તને લેખે નહી તે ભુંડી ભમે સંસાર અરજુન ૪૦
મારા ભકત સુખી, તો સુખી હું, દુઃખી તો દુઃખી હું
જાણુ; મારા ભકતને કોઇ પરભવે તો મને લાગે બાણુ

અરજુન. ૪૧ છે સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, જળ થળમાં મારો વાસ; સુણ ઇંદ્રસુત તુજને કહું, હું થકી અહંકો દાસ. અરજુન. ૪૨ હું જોગ જગને નહી તપ તીર્થ કે દાન; અરજુન મહીમા જાણજો મારૂ ભકતથી છે જ્ઞાન. અરજુન ૪૩ હું ભકતને સંગે ફરૂ મને ભકતનો આધાર અરજુન મહીમા જાણજો કહેતાં ન આવે પાર અરજુન. ૪૪ હરી-ભકત મહીમા સુણી અરજુન પામ્યો હરખ અપાર, મુછિત થઇ અવની પડયો; નેત્ર વહે જળધાર અરજુન. ૪૫ આ ગીતાને જે ગાય નરને નાર અરજુન એવું જાણજો તે પામે પદને નીરધાર અરજુન. ૪૬ એ ભકતે મહીમા માહરો કોઇ કળ્યો નવ જાય જેનુ ભાગ્ય હોય તે અનુભવે ધનદાસે ગીતા ગાય અરજુન. ૪૭ ઇતીશ્રી અરજુન ગીતા સંપુર્ણ.

ધર્મ ગીતા.

શ્રી ગણેશાય નમઃ શ્રી સારદાય નમઃ

શ્રી ગુરૂભ્યો નમઃ

ચોપાઇ.

પ્રથમ પ્રણમું શ્રી ગુરૂરાય, બેઉ કર જોડી લાગું પાય; શુદ્ધિ બુદ્ધિ મા કરજો સહાય શેવક જનની પુરો આશાય ૧ કરૂ વીનતી કરજોડી કરી ધરમ ગીતા કહું વીસ્તારી જુગજીવન કૃપાએ કરી શુભ અશુભ કહુ વિસ્તારી ૨ રશનાએ રામ નામજ કહુ હરી નામનો પાર ન લહુ; વિષ્ણુધરમ કહે છે જેહ સંક્ષેપે બોલો છુ તેહ. ૩ હરી ગુણનો મન લહું પાર, માગુ નામ તણો આધાર, નામેથી અધર્મિ તરે, નામે મહા પાપી ઓધરે ૪

દુહો.

સહસ્ર ફેણુ છે શેષને રશના શહસ્ર મુખમાંહે અનેક જુગ લગી તેજ તપે, તોએ નરિહરીસ્વપ્નામાંહે. ૫ શંકર કહે કેમ વરણવું જે મુખ રશના એક અણુવિચારથી ચાલશુ વળી નવલહુ વિવેક. ૬ ભોળેભાવે હું કહું ગોવીંદના ગુણુ સાર થોડી સેવા બહુ ફળે જો દયા કરે ગોપાળ પુરૂશે જે ધર્મરાજા કહે દે સેવકને ઉપદેશ; કથા શ્રવણે સાંભળે તે સરવ હુ બોલેશ.

ધર્મ વચન—ચોપાઇ.

કહે ધરમ સેવક સાંભળો આજ્ઞા માગી વહેલા પળો, મૃત્યુ લોક જાઓ વેગે કરી દુષ્ટ આત્માને લાવો હરિ ૯ હરી ભક્ત હોએ નીરધાર, તેને નવ દુખ ધરશો લગાર તે નર વઇકુંઠ પામશે, તો નવ જાશો તેણી દીસે ૧૦ કહે પીવી આસાર, એક ઉપજ્યો વિચાર, હરિજન તે કેમ જાણે ત્યારે ધરમરાય વાણી ભણે ૧૧ પ્રથમ કરે બ્રાહ્મણની સેવ, જેજે નારાયણદેવ, વચન વિપ્રનું ચિત ધરે તે ઉપર અતી આદર કરે ૧૨ જેને હરી સાથે છે સ્નેહ, ભક્તિ લક્ષણ કહીએ તેહ પ્રતિ-

વતા જેને ઘેરનાર સતવાદી જેનો વિચાર. ૧૩ ભુખ્યાને સંતોષે જેહ ભકિત લક્ષણુતો કહીએ તેહ. ગૌવણી જે કરે સેવ, મંદીરમાં પુજે શીવ દેવ. ૧૪ દવારિકા નર જાએ જેહ, ભકતી લક્ષણુમાં મારગ તેહ શેવેસારદા જે શાલીંગરામ એકે મને લે હરીનું નામ, ગોપીચંદન નવ લજા જેહ. ભકતી લક્ષણુ તો કહિએ તેહ. ૧૫ તીલક ધરે હરી ચંદન સાર ચરણોદકપર પ્રીત અપાર, હરી કીરતન શું રાખે નેહ ભકતી લક્ષણુ જાણિ તેહ. ૧૬ જે બ્રહ્માણુ પાળે ખટ કર્મ, એકે મને આરાધે કર્મ સદાકાળ સંતોષી જેહ, ભકતી લક્ષણુ કહીએ તેહ ૧૭ સહસ્ત્ર નામ જે નીત્યે ભણે, વેદના મારગ શ્રવણે સુણે; વેદ વીચાર કરે નર જેહ ભકતી લક્ષણુ કહીએ તેહ. ૧૮ પરનારીનો સંગ નવ કરે, પરનીંદા મુખે નવ ઓચરે મરદુખને વળી ભાગે જેહ ભકતી લક્ષણુનો મારગ તેહ. ૧૯ ક્રોધ લોભને છોડી સંગ તત્વ રાગતો જાણુવા રંગ મીથ્યા મોહને જાણે જેહ, ભકતી લક્ષણુ કહિએ તેહ. ૧૯ પાંચે ઇંદ્રી વશ કરે સત્ય વદી સુખ દુખ નવ ધરે; સાધુ પુરૂષને સેવે જેહ ભકતી લક્ષણુ કહિએ જાણીએ તેહ. ૨૧ કોમળ સરખી વાણી ઓચરે ધર્મ પુરૂષની સંગત કરે

ક્ષમાવંત નર હોએ જેહ ભકતી લક્ષણ કહીએ તેહ ૨૨ ધન જોબનનો ગરવ ન ધરે માત પીતાની સેવા કરે, ગુણ ગોવીંદના ગાયે જેહ ભકતી લક્ષણ કહીએ તેહ ૨૩ એકાદશી વરત કરે અપવાસ હરીગુણ ગાતાં ઉલ્હાસ દેહ દમન કરે નર જેહ ભકતી લક્ષણ કહીએ તેહ ૨૫ જે કોઈ લીએ હરીનું નામ પ્રભુ પ્રત્યે કરે દંડ પ્રણામ; હરી નામે આનંદ જેહ ભકતી લક્ષણ કહીએ તેહ. ૨૬ પુરવ પુન્યનો એ વહેવાર અનેક ગુણનો નાવે પાર. જેના રૂદેમાં રામનો વાસ ધરમ કહે હું તેનો દાસ. ૨૭ સત્ય વચન માનો નીરધાર રખે મદ કરતા લગાર ૨૮.

દુતવચન દુહો.

કહે શેવક તમે હરીભકત તેનાં કહ્યાં, કહો તે તણાં એધાણ પુછું છું અતીઆદર કરી હવે લાવુ હું કોણ ૨૯

ધર્મ-વચન-ચોપાઈ.

પ્રથમ આપે નહી જે દાન, વિપ્રનુંકરે જે અપમાન ગુરૂ વચન લોપે નર જેહ. નીકટ બંધન કરી લાવો તેહ ૩૦ જન્મ લગી અનર્થ આચરે. સારે માર્ગ નહી

ચરે, આત્મસંઘાત કરે નર જેહ નીકટબંધન કરી લાવે તેહ. ૩૧ નવદયા જીવની હીંસા કરે દયા મેહેર રૃદે નવ ધરે, પંખી પાંખ છેદે નર જેહ, નીકટ બંધન કરી લાવો તેહ ૩૨ પશુ તણી જે બાહે ચાર, વરક્ષને જે છેદે તતકાળ ક્રન્યાદ્રવ્ય લીએ નર જેહ નીકટ બંધન કરી લાવો તેહ ૩૩ નવાણુ તણા જે જન લે દામ પર દ્રવ્ય ઉપર જેને હામ, પરનારીને ઇચ્છે જેહ, નીકટબંધ કરી લાવો તેહ ૩૪ ગૌ ધારણુનો આણે દ્રોહ, માત પીતાને કરે વિછોહ સરવ પાપી નર હોએ જેહ નીકટ બંધન કરી લાવો તેહ ૩૫ હરી કથા ચીત નવ ધરે વેદ શાસ્ત્રની નીંદા કરે; દેવ તીરથ માને નહી જેહ, નીકટ બંધન કરી લાવો તેહ ૩૬ હરીને દેખે જે અપમાન હાહયાને જે કહે અજ્ઞાન; પરનીંદા કરે નર જેહ નીકટ બંધન કરી લાવો તેહ ૩૭ પાણુદાન લીએ નર જેહ હરીવશે અંન આરોગે તેહ બ્રાહ્મણને માન નહી જેહ નીકટ બંધન કરી લાવો તેહ ૩૮ સહોદરને જે પરહરે વેસ્યા સાથે ગમનજ કરે કુમતી નર હોએ જેહ, નીકટ બંધન કરી લાવો તેહ ૩૯ જુઠી શાખ જુઠુ ઓચરે સરોસર ભાગે પાપજ કરે. ગાયના ગોચર ભાગે. જેહ નીકટ બંધન કરી લાવો તેહ ૪૦ જેનેજે મંત્ર નવ

ઘટે તે મંત્ર લેવા ઉલટે હરોધવંત નર હોએ જેહ. નીંઘટ બંધન હરી લાવો તેહ ૪૧ ધરમ વચન કહેતે સાર હુંત મન આનંદ અપાર કહો જઇ રહીએ અમો ખુલાસો અમને બતલાવે તમો ૪૨ નારી જે દંભ આચરે; સ્વામીની સેવા નવ કરે. કુટુંબને નહી માને જેહ હુતો ઘર તમારૂં તેહ. ૪૩ કેશ મોકળે હોડે નાર ભેદ કરતાં નહિ વિચાર વસ્ત્ર શીશ નવ ઢાંકે જેહ હુતો ઘર તમારૂં તેહ ૪૪ ભગની હાસજેવરે ભજન પાખે રૂદનજ કરે ભાગે માંપે સુણુ નર જેહ હુતો ઘર તમારૂં તેહ; ૪૫ હલાલખાનાને આંગણે રેહે પડોશ ચામારજ તણે નીલકુટનનો ઘર પાસ, હુતો તહાં તમારો વાષ્ત ૪૬ મંત્ર સાધવા જાય મસાણ રોકે વરક્ષ તમારો પ્રયાણ વતી તરસુટ હોએ જાતો તમે ત્યાંતાં ૪૭ ખડવાશ હોએ જયાંહાં ગામ વળા અપવિત્ર કરો ઠામ. વળી ચઉટુ હોએ જાહા હુતો ત્યાં જઇ કરજે પ્રયાણ ૪૮ ગામ ઉપર ચડાવ જેહ હુત કીડાશું શાખે તેહ લીલ વસ્ત્ર હરે જે ઠામ. હુતો જઇ ત્યાં કરો મુકામ. ૪૯ કલેશ કરે જે નરને નાર ધર્મ નવ ગણે લગાર. રાત દીવસ વીચારે વેર; હુતો રહેજો તેને ઘેર ૫૦ પુરૂષ ઉસોને બેઠી નાર પારકા ઘરનો કરે વિચાર અણુઘટતું બોલબાળ

દુતો રહેજો તેની પરસાળ ૫૧ સાસુ સાથે જે વહુ લડે નીત જે નણદીને નડે દુરવાકય બોલે વચન તેના ઘરનું હરજારે ધન, ૫૨ ઉકરડે નાંખે જે અન્ન તે પેખે બિલાડી જન, ફવી આધમે વાશીદુ કરે, જેનું ઘર રખે વીસરે, ૫૩ જેકો પુકીને ખાએ અંન. અંનદેવને કરે અપમાન, ધિકધિક જે અકને કરે તેહેનું ઘર વીસરે નહી ૫૪ અણગાળ્યું જે નીર વાપરે ધુમાંડાના જાળાં બહુ કરે બેઉ હાથ માથુ જે ગરવડે, તેને ઘર ઓચીંતા પડે પાપ ઘરમા ભાર નહિ લગાર આળસમાં કાઢે અવતાર કરોળીઆ અને ગંદકી ઘણિ તેના ઘરના થાજો ઘણી ૫૬ વહુ સાચાને બોલે આળ હુંકારે બોલાવે નાર સસરાને દેખી નવ ઢાકે શીર તેના ઘરમાં પાડજો ચીસ, ૫૭ ધરમ વચન કહયાં જે સાર, દુતમન આનંદ અપાર ઉત્તમ કથા જમ ગીતા જેહ, હરી ભકતને વલ્લભ તેહ ૫૮ એહ કથા જે નીત્યે ભણે દુત નહિ તેને આંગણે શ્રવણ કરે જે એક મન સ્વર્ગ લોક પામે તે જન. ૫૯.

ઇતિ શ્રી ધર્મ ગીતા સંપૂર્ણ

સમાપ્ત.

સ્ત્રીઓપયોગી ખાસ પુસ્તકો.